# પ્રકરણ - 7

# શ્રીરામાનુજાચાર્યનું પ્રદાન

# પ્રકરણ - 7

## શ્રીરામાનુજાચાર્યનું પ્રદાન

એક વાત તો અત્યંત સ્પષ્ટ છે કે કોઈપણ મહાપુરુષનું આ પૃથ્વી પર આગમન કોઈને કોઈ વિશેષ પ્રયોજનથી જ થતું હોય છે. શ્રીરામાનુજાચાર્યના અવતરણ પાછળ પણ કોઈક પ્રયોજન રહેલું છે. આ પ્રયોજન તેમનાં જીવન અને સાહિત્યસેવાથી સ્પષ્ટ થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં રામાનુજાચાર્યના આગમનથી ભારતીય તત્ત્વજ્ઞાન તથા સમાજ પર શું પ્રભાવ પડ્યો તે અંગે વિચાર કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ આપણે તેમના જીવન ચરિત્રથી સમાજમાંશું પરિવર્તન આવ્યું તે જોઈએ અને ત્યારબાદ તેમના તત્ત્વજ્ઞાનથી ભારતીય તત્ત્વજ્ઞાન વિશ્વમાં શું પરિવર્તન આવ્યું તે બાબત જોઈએ.

રામાનુજાચાર્યનાં જીવનમાં એવી કેટલીક ઘટનાઓ બની છે કે જે સમાજ સુધારણમાં કારણભૂત બની છે. શ્રી રામાનુજાચાર્ય નાત-જાતનાં વાડામાં માનતા ન હતા. તેમણે કાંચીપૂર્ણ, ગોષ્ઠિપૂર્ણ જેવા અન્ત્યજના હાથે દીક્ષા ગ્રહણ કરી હતી. તે સમયે અન્ત્યજોને મંદિરમાં પ્રવેશ નિષેધ હતો તો વેદાધ્યનન તથા મોક્ષનો અધિકાર ન હતો.[1] રામાનુજાચાર્યનું આગમન સર્વજન કલ્યાણ માટે હતું. તેથી તેમણે કાંચીપુરમ્ અને શ્રીરંગમ્ મંદિરનાં દરવાજા અત્યંજો માટે ખોલાવ્યા હતાં. પોતાના ગુરુ ગોષ્ઠિપૂર્ણ પાસેથી મળેલ ૐ नमो नारायणाय મંત્ર સર્વનું કલ્યાણ કરનારો હોવાનું કહેવાતાં તેઓ મંદિર પરિસરમાં જઈને ગોપુરમ્ પર ચઢીને આ મંત્રનું મોટેથી ગાન કરવા લાગ્યા.[2] અને એવો સંદેશ વહાવ્યો કે બ્રાહ્મણ સહિત શૂદ્ર જાતિ પણ આ મંત્રનું ધ્યાન ધરતાં મોક્ષનો અધિકારી બને છે. સર્વજન કલ્યાણની તેમની આ ભાવના સમાજ પરિવર્તનમાં ઉપકારક બની. અંત્યજો પણ વેદાધ્યયન બને ભક્તિ તથા પ્રપત્તિના માર્ગે વળ્યા. જો કે ઉચ્ચ વર્ગ તરફથી આનો વિરોધ થયો પરંતુ તેનાથી રામાનુજાચાર્યના કાર્ય પર કોઈ પ્રભાવ પડ્યો નહીં. આ રીતે તેમણે નાત-જાતના વાડાને દૂર કરી દીધાં. જો કે પરવર્તી

સમયમાં આ વાડા ફરી મજબૂત બન્યા અને એક અલગ વાત છે પરંતુ આ જે પણ શૂદ્ર વર્ણ અધ્યયના મહત્ત્વને સમજતો થયો છે.

આ ઉપરાંત બાહ્ય આડંબર અને જ્ઞાન વગરની ભક્તિ માત્ર આચાર ના બની રહે તે માટે તેમણે આલવારોના ભક્તિમાર્ગેને જ્ઞાનનું આવરણ પૂરું પાડ્યું. જે આગળ જતાં બીજા સમર્થ ભક્તોના સ્વરૂપે રજૂ થતું આપણે જોઈ શકીએ છીએ. વેદમાં સત્ તત્ત્વની સ્થાપના કરવામાં આવી છે. एकं सत् विप्रा बहुधा वदन्ति । એ ઉપનિષદ્ વાક્ય અને બીજા દેવોના ભક્તો પણ મને જ પામે છે. એવા ગીતાકારના વચનો નમ્માલવારના પરમત્ત્વ પરમાત્માને જ નિરૂપે છે. રામાનુજાચાર્યનો જ્ઞાન-ભક્તિનો સમન્વયવાદી દૃષ્ટિકોણ આ સત તત્વને નારાયણ તરીકે બતાવે છે. ઈન્દ્ર વગેરેની ભક્તિ અંતે તો નારાયણની જ છે. સમાજ સુધારણા કરનારા આચાર્યોમાં આ નારાયણ ભક્તિ જોવા મળે છે. રામાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, રામદાસ જેવા આચાયો શ્રીરામાનુજાચાર્યના આ સમન્વયાત્મક, વલણને જ વધુ મજબૂત કરે છે. ઈસ્લામ ધર્મનો સૂફી સંપ્રદાય અને ખ્રિસ્તી ધર્મમાં પણ ઈશ્વરીય તત્ત્વને જે માન્યતા મળે છે.[3] તે પર રામાનુજ સંપ્રદાયની અસર જણાય છે. કટ્ટર મુસલમાનોનો સામનો કરવામાં રામાનુજાચાર્યે પ્રવાહિત કરેલ ભાતૃભાષા, શ્રદ્ધા, પ્રપત્તિ વગેર ખુબ ઉપયોગી થઈ રહ્યા છે જે આ જે પણ જોવા મળે છે.

આધ્યાત્મ વિશ્વના નજર દોડાવીએ તો રામાનંદ સંપ્રદાયના આદ્ય સ્થાપક રામાનંદાચાર્ય પર શ્રીરામાનુજાચાર્ય નો ઘેરો પ્રભાવ છે.[4] તેમણે રામને પરબ્રહ્મ તરીકે સ્થાપી ને તે રામ બધાના હૃદયમાં રહેલા છે તેમ બતાવ્યું. ભારતીય સમાજમાં રામ ઓતપ્રોત થયેલા છે. આ ઉપરાંત રામાનુજાચાર્યે તેમના શિષ્યોને લોકભાષામાં ઉપદેશ આપવા જણાવ્યું હતું. તીન ધારી અસર થઈ. જો ત્યાર પછીના આચાર્યોએ અપનાવી અને લોક ભાષામાનં ઉપદેશ આપવાથી સમાજમાં જાગૃતિ આવી.

શ્રીરામાનુજાચાર્યની માફ કરવાની વૃત્તિ અને સમન્વયાત્મક દૃષ્ટિકોણ તેમના પછીના આચાર્યો પર પણ પ્રભાવ પાડે છે. તેમના જીવનની મહત્ત્વની ઘટનામાં યાદવપ્રકાશ સાથેના બધા મતભેદ ભૂલીને તેમને વિશિષ્ટાદ્વૈતની દીક્ષા આપી હતી. એક સમયે પોતાના જ જીવ માટે જોખમ રૂપ બનતા યાદન પ્રકાશને પોતાના શિષ્ય બતાવી લીધા. આ સમન્વયવાદ 'ટૈંકલૈ' અને 'વડક્કલૈ' શાખામાં પણ જોવા મળ્યો. વેદાન્તદેશિક અને અને પિલ્લૈ લોકાચાર્ય અનુક્રમે 'વડક્કબૈ' અને 'ટૈંકલૈ' મતાનુયાયી હતા. પરંતુ જ્યારે અદ્વૈતવેદાન્તના શાસ્ત્રાર્થ ને પિલ્લૈ લોકાચાર્ય ખાળી શક્યા નહીં ત્યારે તેમણે વેદાન્તદેશિકને પોતાની સહાયમાં બોલાવ્યા. વેદાન્તદેશિક પણ સંપ્રદાયશાખા ભેદ ભૂલીને અદ્વૈતવેદાન્તી આચાર્ય સાથે વાદ કરીને વિશઈષ્ટાદ્વૈતનું ફરીથી સ્થાપન કરી શક્યા.[5]

ચમત્કાર અંધવિશ્વાસ ઉત્પન્ન કરવા માટે નથી પણ અલૌકિક શક્તિમાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે છે એ બાબત તેમણે પોતાના જીવન ચરિત્રથી બતાવી છે. તેમણે રાજપુત્રીના શરીરમાં રહેલા બ્રહ્મરાક્ષસને દૂર કર્યો હતો. ભારતીય સમાજ ચમત્કાર ને માત્ર અંધશ્રદ્ધા તરીકે લેતા નથી પણ તેનું પરિક્ષણ કરે છે. વિજ્ઞાનની કસોટી પર તવે છે. અને ત્યાંથી પણ વિજ્ઞાનની કસોટી પર તવે છે અને ત્યાંથી પણઆગળ વધીને અલૌકિક શક્તિનો સ્વીકાર કરે છે.

શ્રીરામાનુજાચાર્યનાં જીવન ચરિત્રથી ભારતીય જનમાનસ વધુ મજબૂત અને વિકાસશીલ બન્યું છે.

ભારતીય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો શ્રીરામાનુજાચાર્યનું ખૂબ મોટું પ્રદાન માની શકાય. રામાનુજાચાર્યના આગમન પહેલાં માત્ર શંકરાચાર્ય જ એવા આચાર્ય હતાંકે જેમણે ભારતીય સમાજને સુદૃઢ કરવાનો મજબૂત પાયો નાખ્યો હતો. પરંતુ તેમનું તત્ત્વજ્ઞાન સામાન્ય જનની પહોંચથી દૂર હતું.નિર્ગુણ બ્રહ્મની માન્યતા, 'જીવ જ બ્રહ્મ છે.'[6] એ પ્રમાણેનો અનુભવ,

'જગત મિથ્યા છે' વગેરે સિદ્ધાન્તોને સામાન્ય જન સમજી શકતો ન હતો. સામાન્ય જનને એ પ્રશ્ન સતાવતો હતો કે જો જગત સ્વપ્નવત મિથ્યા હોય તો તેનો અનુભવ કેમ થાય છે ? અને જો હું જ બ્રહ્મ હોઉં તો જેને જાણવા આપણે પ્રયત્ન કરીએ છીએ તે ઈશ્વર શું છે ?

શ્રીરામાનુજાચાર્યે પોતાના તત્ત્વજ્ઞાન દ્વારા આ બધા પ્રશ્નોના સર્વજન સુગમ અને યથાર્થ ઉત્તર આપ્યો છે. તેમણે જીવ બ્રહ્મનો અંશ છે.[7] અને સત્ય છે. એમ બતાવીને શંકરાચાર્યનાં અનુત્તર પ્રશ્નનો ઉત્તર રજૂ કર્યો છે જે માન્યતા આ જે પણ દરેક ભારતીયના હૃદયમાં રહેલી છે. જગત મિથ્યા નથી પણ સત્ય છે તેમ કહીને ભારતીય વિચારધારીને ટગમગતી અટકાવી દીધી છે. પરવર્તી સમયથી માંડીને આજ પર્યન્ત જે પણ આચાર્યો થઈ ગયા તે બધાં શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનનો નિરૂપે છે. પરંતુ તેમાં હાર્દ રૂપ તત્ત્વજ્ઞાન રામાનુજનું છે તેનો પણ અનુભવ થાય છે. શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન સંપૂર્ણ, સમન્વયાત્મક અને સુંદર છે પરંતુ તેમાં જે ખૂટતી કડી દેખાય છે. તે શ્રીરામાનુજાચાર્યના તત્ત્વજ્ઞાનથી પુરાઈજાય છે. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ના શબ્દોમાં કહીએ તો શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન એક સુંદર, સર્વગુણ સમ્પન્ન બધા અંગોથી પરિપૂર્ણ યુરોપિયન ઘોડી જેવું છે. પરંતુ ક્ષતિ માત્ર એટલી જ છે કે તેમાં પ્રાણ નથી. આ પ્રાણ પુરવાનું કામ શ્રીરામાનુજાચાર્યે કર્યું છે.[8] રાધાકૃષ્ણનના આ શબ્દો રામાનુજાચાર્યના પ્રભાવને બતાવે છે.

વેદાન્તશાસ્ત્રનો સર્વાંગીણ વિકાસ કરવાનો શ્રેય શ્રીરામાનુજાચાર્યને ફાળે જાય છે. રામાનુજાચાર્યના આગમનથી શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય બન્નેમાંથી બ્રહ્મસૂત્રોનું યથાર્થ અર્થઘટન કોણ કરે છે. તે ચર્ચા આરંભાઈ. અને પાછળ જતાં વલ્લભાચાય, નિમ્બાર્કાચાર્ય. મધ્વાચાર્ય વગેરે પણ આ ચર્ચામાં સામેલ થયા. આ રીતે વેદાન્તને પરિષ્કૃત કરવામાં રામાનુજાચાર્યનો ફાળો અમૂલ્ય છે.

શ્રીરામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતનો મૂળ આધાર શ્વેતાશ્વરતર, મુંડક વગેરેઉપનિષદો, ભગવદ્‌ગીતા, વિષ્ણુપુરાણ, અને પંચરાત્ર છે., પરમાત્માનું અસ્તિત્વ તથા જીવાત્માનું સ્વરૂપ द्वा सुपर्णा सयुजा[9] શ્રુતિવાક્ય દ્વારા બતાવ્યું છે. આના નિરૂપણ દ્વારા તેમણે ઘણી બાતબો સિદ્ધ કરી છે. પ્રથમ ઈશ્વરના અસ્તિત્ત્વનો સ્વીકાર થયો. બીજું જીવ સંસારથી બંધાયો હોવાથી યથાર્થ સ્વરૂપને જાણી શકતો નથી. ત્રીજું જગત્ સત્ય છે. ચોથું ચિત્ અચિત્માં જગતનાં દરેક કણમાં ઈશ્વર રહેલો છે. અને તે તેનું નિયમન કરે છે. આ બધી બાબતો ભારતીય જનમાનસમાં અકબંધ જળવાઈ રહી છે. શરીર-શરીરી સંબંધનો સિદ્ધાન્ત આજે પણલોક હૃદયમાં રહેલો છે.એટલે જ ઘણા ભક્ત કવિઓ 'મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી' જેવા ભજનો ની રચના કરે છે.

ભગવદ્‌ગીતામાં ઉપદીષ્ટ ભક્તિમાર્ગ અને કર્મમાર્ગને રામાનુજસંપ્રદાયમાં મહત્વ પ્રાપ્ત થયું છે. પરમાત્માની પરાશક્તિ, ક્ષેત્રજ્ઞશક્તિ, અને અવિદ્યાની સાથે સાથે ચોથી કર્મશક્તિનો સ્વીકાર રામાનુજાચાર્યના તત્ત્વજ્ઞાનથી થયો. જેની અસર એ થઈ કે ભગવદ્ ગીતાના જ્ઞાન-ભક્તિ અને કર્મવાદને પીઠબળ મળ્યું. ગીતાનો જ્ઞાનોત્તર કર્મપ્રધાન ભક્તિમાજ્ઞગ જીવન જીવવાની ચોક્કસ કળા તરીકે વિકાસ પામ્યો છે તેની પાછળ પણ આ સંપ્રદાય કારણ ભૂત છે.

શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટદ્વૈતવાદ સમાજ ઉપર ઘેરી અસર છોડી જાય છે.આ સંપ્રદાયનો એકેશ્વરવાદ, ભક્તિ, વર્ણજાતિનાં ભેદનું નિવારણ અને સર્વને મોક્ષનો અધિકાર આ બધી બાબતો અનેક ધર્માચાર્યો પર પડી છે. સ્વામી નારાયણ સંપ્રાદાયની વિચારધાર તો રામાનુજ દર્શનથી પૂર્ણરીતે રંગાયેલી છે.

શ્રીસંપ્રદાયની અસર જેટલી વિદ્વાનોમાં છે તેના કરતાંવધુ અસર નીચલા સ્તરના લોકો પર જોવા મળે છે. નરસિંહ મહેતા, કબીર, તુલસીદાસ, રવીદાસ જેવા ભક્તોની વાણી આ સંપ્રદાયનો અસર હેઠળ છે.[10]

નિમાબાકોચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ સનત્કુમાર સંપ્રદાય પર આધારિત છે. તેમણે યાદવ અને રામાનુજની વચ્ચેનો માર્ગ કાઢ્યો છે.[11] વેદાન્તપારિજાતસૌરભ ગ્રન્થમાં તેમણે પરસ્પર વિરોધી લાગતા પદાર્થોમાં પરસ્પર કઈ ભેદ નથી તેમ બતાવ્યું છે. તે ભેદાભેદવાદ રામાનુજ સંપ્રદાયમાંથી તર્ક શુદ્ધ રીતે લેવામાં આવ્યો છે.રામાનુજનો જે વિશિષ્ટ અદ્વૈત છે તે નિમ્બાર્કમાં દ્વૈત-અદ્વૈત રૂપે વિકાસ પામ્યો છે.

શંકરાચાર્યે જીવમુક્તિ અને વિદેહ મુક્તિ એમ બે પ્રકારની મુક્તિનો સ્વીકાર કર્યો છે. પરંતુ આ સિદ્ધાન્તથી યથાર્થ મુક્તિ કઈ તે બાબતે સામાન્ય લોકોમાં પ્રશ્ન ઉઠે છે.રામાનુજાચાર્યે જીવન્મુક્તાવસ્થાનો છેદ ઉડાવી દીધો છે. મુક્ત કમફલનો ક્ષય જ મુક્તિનું કારણ બે છે જો જીવ શરીરમાં વિદ્યમાન હોય તો તે કર્મ કરે જ છે અને તેથી તે બનઅધ અનુભવવાનો. આ અવસ્થામાં મુક્તિનો અનુભવ થતો નથી. તેથી શરીરપાત થયા પછી જ જીવ મુક્ત થાય છે. એ સિદ્ધાન્ત ભારતીય દાર્શનિક જગતમાં તથા વ્યવહારીક જગતમાં સર્વમાન્ય બન્યો છે.

આ પરથી સ્પષ્ટ થાય છે કે રામાનુજ તત્ત્વજ્ઞાને ભારતીય તત્ત્વજ્ઞાનમાં ખૂબ મોટું પરિવર્તન કર્યું છે.

• • •

# પાદટીપ

1. नास्याधिकारो धर्मेऽस्ति न धर्मात्प्रतिषेधनम् ।

   मनुस्मृति -10-125 पृ.240

2. गेपुरादथ रात्र्यर्द्धे वदन्नुच्चस्वरेण तम् ।

   कृपयाष्टाक्षरं तेभ्यो प्रददौ मन्त्रमुत्तमम् ।

   प्रपन्नामृतम् , अ.21, श्लो.31,32, पृ.69

3. More than all, even alien faith that come to conquer institutionally have bnenn conquered in a mystic way be tne silent power of love as exechristian mystics.

   The Philosophy of Visistadvaita.

   Ed. by. P.N. Srinivasachari P.542

4. Ramananda (1300-1411) was deeply indulenced by the teaching of Ramanuja. એજન. પૃ.543

5. वैष्णव भक्ति-आन्दोलन का अध्ययन, डॉ.महम्मद मलिक पृ.254

6. परमेव ब्रह्म जीव इत्युक्तम् ।

   બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય, સં.એલ.વી. જોષી, પૃ.1215

7. जीवोऽयं ब्रह्मणोंऽशः । શ્રીભાષ્ય ભા.3, સં.આનંદશંકર ધ્રુવ પૃ.1155

8. भारतीय दर्शन भाग-2 डॉ.सर्वपल्ली राधाकृष्णन्, પૃ.599

9. ईशादि नौ उपनिषद् - मुण्डकोपनिषद् 1-3-1-1

गीताप्रेस, गौरखपुर, पृ.502

10. The Philosophy of Visistadvaita,

Ed. by. P.N. Srinivassachari. P.544

11. The Philosophy of Nimbarka a called Dvaita-Advaita or the Sanatkumat sampradāya, Seems to stand midway between the school of Vadav and visistadvaita and is a system of vaisnavism. એજન. પૃ.545

• • •